R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા . (મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 44 DATE: 03-11-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## રિઝર્વ બેન્કે આડેધડ લોનો આપતાં બેન્કોની હાલત બગડી છે : અરુણ જેટલી

કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેન્ક વચ્ચેના સબંધો વધુ વણસે તેના એક ઘટનાક્રમમાં નાણાંમંત્રી અરુણ જેટલીએ સરકારી બેન્કોની ખરાબ હાલત માટે આરબીઆઈને જવાબદાર ઠેરવી હતી. જેટલીએ વર્ષ ૨૦૦૮- અને ૨૦૧૪ દરમિયાન આડેધડ ધિરાણ પર અંકુશ મુકવામાં મળેલી નિષ્ફળતા બદલ આરબીઆઈની ટીકા કરી હતી.જેટલીએ આરોપ મુક્યો હતોકે આરબીઆઈની આવી નીતિને કારણે જ બેન્કીંગ ઉદ્યોગમાં હાલની ડુબત લોન અથવા એનપીએની કટોકટી સર્જાઈ છે.

નાણાંકીય નીતિના ઘડવૈયાઓની સ્વાયત્તતાના મામલે નાણાં મંત્રાલય અને આરબીઆઈ વચ્ચે વધી રહેલા ઘર્ષણના અહેવાલો વચ્ચે જેટલીનું આ નિવેદન ચોકાવનારુ છે.આરબીઆઈના ડેપ્યુટી ગર્વનર વિરલ વી આચાર્યે જણાવ્યુ હતું કેઆરબીઆઈ બેન્કની આઝાદીને અવરોધવી સંભવિત રીતે ઘાતક થઈ શકે તેમ છે.સરકારના દબાણને



કારણે આરબીઆઈ તરફથી તેનો પ્રતિરોધ જોવામાં આવી રહ્યો છે.

## પ્રદુષણ અંગેના કાયદાનું પાલન નહીં કરનારની સામે કેસ નોધાશે

દિલ્હીમાં આ વર્ષે ઠંડીની શરુઆત થતાં પહેલાં જ પ્રદુષણનો પ્રારંભ થઈ ચુક્યો છે.જેથી કેન્દ્ર એ પહેલેથી જ સાવધાની રાખવાની શરુઆત કરી છે. કેન્દ્ર એ પ્રદુષણ ફેલાવવાવાળા સામે ફોજદારી કાર્યવાહી કરવાની જાહેરાત કરી છે. એવા લોકો કે જેઓ ચેતવણી આપ્યા પછી પણ પ્રદુષણના નિયમોનું પાલન નહીં કરે તેમના નામ સત્તાવાર વેબસાઈટ પર અપલોડ કરીને જાહેર કરવામાં આવશે.દિલ્હીના એનસીઆરમાં પ્રદુષણ માટે જે દિશા-નિર્દેશ જારી કરવામાં આવ્યા છે એનુ અગર જો કોઈ પણ વ્યક્તિ-સરકારી કર્મચારી હોય કે સામાન્ય માનવી ઉલ્લંઘન કરશે તો તેનું નામ જાહેર કરી દેવામાં આવશે.પછી ભલે એ કેટલીય મોટી એજન્સી અથવા પ્રભાવશાળી વ્યક્તિ કેમ ના હોય.

કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડે તેમની સામે ફોજદારી કેસ ચલાવશે. પર્યાવરણપ્રધાન હર્ષવર્ધને વધુમાં કહ્યુ હતું કે અમને આ જ સાચી પધ્ધતિ લાગે છે. દિલ્હી અને એની આસપાસના વિસ્તારોમાં કેટલીય એજન્સીઓ જે બાંધકામ પ્રવૃત્તિઓમાં પ્રવૃત છે , એસરકારી એજન્સીઓ છે એ મોટા પ્રોજેક્ટમાં સામેલ છે જેને કારણે પર્યાવરણમાં ધુળ અને પ્રદુષણની માત્રા વધી રહી છે.

## સરકાર રિઝર્વ બેન્કની સ્વતંત્રતાનું સન્માન નહીં કરે તો બજારોના રોષનો સામનો કરવો પડશે :સરકારી હસ્તક્ષેપ સામે ડેપ્યુટી ગર્વનરે નારાજગી વ્યક્ત કરી

રિઝર્વ બેન્કને વધુ સ્વતંત્રતા આપવાની તરફેણ કરતાં રિઝર્વ બેન્કના ડેપ્યુટી ગર્વનર વિરલ આચાર્યે જણાવ્યુ હતું કે ઈઝર્વ બેન્ક પાસે પબ્લિક સેકટરની બેન્કો પર નજર રાખવા વધુ સત્તા હોવી જોઈએ.આરબીઆઈને તેની બેલેન્સસીટ વધુ મજબુત બનાવવા અને પુરતાં નિયંત્રણો રાખવાનો અધિકાર હોવો જોઈએ. આર્થિક સ્થિરતા માટે આરબીઆઈની સ્વતંત્રતા મહત્વની છે. મુબઈ ખાતે આકરા સંબોધનમાં આચાર્યે જણાવ્યુ હતું કે સરકાર રિઝર્વ બેન્કની સ્વતંત્રતાનું સન્માન નહીં કરે તો ફાઈનાન્શિલયલ બજારોના રોષનો સામનો કરવો પડશે.તેને કારણે આર્થિક દાવાનળ પ્રજવલ્લિત થશે.

આચાર્યે જણાવ્યુ હતું કે ૨૦૧૦માં આર્જેન્ટીનાની સરકારે રિઝર્વ બેન્કની બાબતોમાં હસ્તક્ષેપ કરતાં ત્યાંના બજારોમાં બળવો થઈ ગયો હતો.આર્જેન્ટીનાની સરકારે રિઝર્વ બેન્કની અનામતો પર હાથ નાંખતા આર્થિક કટોકટી સર્જાઈ હતી. સરકારની ટુંકી દષ્ટિથી નિર્ણયો લેવાતા હોય ત્યારેવિનાસકારી પરિણામો આવી શકે છે.

તેમણે કહ્યુ હતું કે સરકારો રિઝર્વ બેન્કોની સ્વતંત્રતાની કદર કરતી નથી.તેમનો નાણાંબજારની નારાજગીનો શિકાર થવું પડે છે.મહત્વની નિયંત્રક સંસ્થાઓની અવગણના કરવાથી વિનાશ આવે છે. રિઝર્વ બેન્કને સ્વતંત્રતાના ઘણા ફાયદા છે.લોન સસ્તી બને છે.આંતરરાષ્ટ્રીય મુડીરોકણ વધે છે અને બેન્કોનું આયુષ્ય વધે છે.

## દેશને અરાજકતાથી બચાવવો એ તાકીદની જરુરીયાત છે : ટીડીપી નેતા ચંદ્રાબાબુ નાયડુ

૨૦૧૯માં લોકસભાની ચુંટણી યોજાવાની છે. તે પહેલાં કેન્દ્રમાંથી ભાજપની સરકારને હરાવવા અને મોદીને હટાવવા માટે વિરોધપક્ષોની એકતાને ટીડીપીના નેતા અને આંધ્ર પ્રદેશના સીએમ ચંદ્રાબાબુ નાયડુએ રાજકીય મજબુરી ગણાવી હતી.તેમણે કહ્યુ હતું કે દેશને અરાજકતાથી બચાવવો એ તાકીદની જરુરીયાત છે.

દેશને બચાવવા માટે તેમણે વિરોધપક્ષોને સંગઠિત બનવા અપીલ કરી હતી.વિપક્ષી એકતામાં કોગ્રેસની ભુમિકાને તેમણે મહત્વની ગણાવી હતી.કોઈ એક રાષ્ટ્રીય પક્ષ વિના વિપક્ષી એકતા સંભવ નથી.વિપક્ષોને એક કરવા પોતે મહત્વની ભુમિકા નિભાવવા તૈયાર હોવાનું જણાવ્યુ હતું.માલ્યા અને અન્યોનો ઉલ્લેખ કર્યા વિના મોદી સરકારમાં આચરવામાં આવેલા કૌભાંડોની યાદી પ્રસિધ્ધ કરી હતી. કરોડોના કૌભાંડો સાથે ભાજપનો અસલી ચહેરો લોકોની સામે આવી ગયો છે.

ચંદ્રાબાબુ નાયડુ,બસપાના માયાવતી,આમઆદમીના કેજરીવાલ,શરદ યાદવ,તેમજ ફારુક અબ્દુલ્લાને મળ્યા હતા.અને વિપક્ષી એકતાની તરફેણ કરી હતી,હાલની એનડીએ સરકારને સત્તા પરથી હટાવવાની જરુરીયાત પર ભાર મુક્યો હતો.દેશને અરાજકતામાંથી બચાવવા તમામ વિપક્ષોને એક થવા તેમણે હાકલ કરી હતી.ટીડીપી નેતાએ આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકાર નાના અને નવા રાજ્યોને સ્પેશીયલ દરજ્જો આપવામાં નિષ્ફળ ગઈ છે.આંધ્ર પ્રદેશ જ્યારે છુટે પડ્યું ત્યારે તેને સ્પેશીયલ દરજ્જો આપવાનું વચન હજુ સુધી પાળવામાં આવ્યું નથુ.અમે ભાજપ સાથે જોડાયા તે વખતે લોકોને આપવામાં આવેલા વચનો પાળવામાં આવ્યા નથી.

## અમેરિકાના યહુદી હત્યાકાંડમાં ૧૧ નો મોત નિપજ્યા : ચારેકોર શોક છવાયો

અમેરિકાના પીટ્સબર્ગમાં યહુદીઓના એક ધર્મસ્થળમાં અંધાધુંધ ગોળીબારમાં મૃત્યાંક વધીને ૧૧ થયો છે.જ્યારે ૭ લોકો ઈજાગ્રસ્ત બન્યા છે.પોલીસે કરેલી જવાબી કાર્યવાહીમાં ઈજાગ્રસ્ત હુમલાખોર રોબર્ટ બોવર્સ ઈજાગ્રસ્ત થયો હતો.તે દાઢીધારી એક શ્વેત વ્યક્તિ છે તેવા અહેવાલો મળ્યા છે.એફબીઆઈ ઘૃણિત ગુનો માનીને તેની તપાસ કરી રહી છે.આ હુમલાખોર ગોળીબાર કરતાં અગાઉ શિનાગોગમાં ઘુસ્યો હતો.અને એવું કહ્યુ હોવાનો અહેવાલ છે કે તમામ યહુદીઓને મરી જવું જોઈએ.બીજી બાજુ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્મ્પે ટ્વિટ કરીને કહ્યુ છે કે પીટર્સબર્ગની ઘટના અંગે જેટલું વિચાર્યુ હતું તેનાથી પણ ભયાવહ છે. મે મેયર અને ગર્વનર સાથે વાતચીત કરી છે.જો આવો ગુનો આચરનારને મોતની સજા આપવી જોઈએ.અમેરિકાના તપાસ અધિકારીઓએ હુમલાખોર બંધુકધારી પર હિંસા અને શસ્ત્રો રાખવાના ગુના મામલે ૨૯ કાઉન્ટના આરોપ મુક્યા છે.ત્રણ ગ્લોક ૫૭ હેંડગન્સ અને એઆર-૧૫ એસોલ્ટ રાઈફલ હુમલાખોર લઈને શિનાગોગ માં દાખલ થયો હતો.અને આડેધડ ગોળીબાર કર્યા હતા.હુમલામાં ચાર પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

દીપાવલી અને નુતન નવલા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ

**અમારા માનવંતા ગ્રાહકોને દિપાવલી અને નવીન વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.**

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

દેશની કથળેલી નાણાંકીય સ્થિતિમાં દોષનો ટોપલો અન્યો પર ઢોળી દેવાનો કીમીયો હસ્તગત કેટલાક વિશેષ વ્યક્તિઓ પાસે હોય છે.આરબીઆઈની ઉપર અને નાણાં ખાતા ઉપર સુબ્રમણ્યમ સ્વામીએ કંઇક વાર ધારદાર નિવેદનો કરીને નાણાંમંત્રીની ઉણપો છતી કરવાનો પ્રયત્ન કર્યો છે.પરિણામે આરબીઆઇના ભુતપુર્વ ગવર્નર રાજનને હોદ્દો છોડીને પરત જવું પડ્યું.

હાલમાં આરબીઆઇ અને સરકાર વચ્ચે ગજગ્રાહ ચાલી રહ્યો છે અને તેમાં નાણાંમંત્રીએ બેન્કોની નિષ્ફળતા અને એનપીએ વધતાં આર્થિક કટોકટી ઉભી થઇ છે તેના માટે રીઝર્વ બેન્કને કઠેડામાં ઊભી કરી દીધી છે.તેમણે રીઝર્વ બેન્ક ઉપર આરોપ મુકતા કહ્યુ હતું કે વૈશ્વિક આર્થિક મંદી પછી ૨૦૦૮ થી ૨૦૧૪ દરમિયાન અર્થતંત્રને વેગ આપવા માટે બેન્કોની તિજોરીઓ ખોલી બેફામ ધિરાણ કરાયું હતું.ત્યારે આરબીઆઇએ આંખ આડા કાન કર્યા હતા.જો કે તેમણે ૨૦૧૪થી ૨૦૧૮ સુધીના સમય દરમિયાન જે થયું તેનો ચિતાર આપ્યો નથી.તત્કાલીક સરકારે શું કર્યુ તેનો ચિતાર આપવા કરતાં હાલમાં સરકારના આદેશથી શું થયું તેનો ચિતાર આપવો જોઇએ કારણકે હાલમાં દેશનું જે અર્થતંત્ર નબળું પડ્યું છે તેનો જશ નાણાંમંત્રીને શીરે છે.આરબીઆઈની સ્વાયતતા માટે ડેપ્યુટી ગર્વનર આચાર્યે સવાલો ઉઠાવ્યા છે.રોજબરોજ સરકારની દખલગીરી વ્યાપક પ્રમાણમાં થઇ રહી છે.રિઝર્વ બેન્કના કર્મચારીઓએ પમ આરબીઆઇની સ્વાયત્તતા માટે તેમજ સ્વતંત્રતા આપવા માટે તરફેણ કરી છે.સરકાર નારાજ થઇ શકે છે કારણકે સરકારની મનશાં ફળીનથી. વિદેશી રોકાણકારોનો વિસ્વાસ વધ્યો નથી.રોકાણો આવતાં નથી.ફુગાવો વધી રહ્યો છે.આરબીઆઇએ ઓઇલ કંપનીઓને ડોલર આપવાની મનાઇ કરતાં સરકારને વિદેશમાંથી ધિરાણ લેવાની મજુરી આપવી પડી છે.આવું બધું બની રહ્યું છે તેની પાછળ એવું મનાય રહ્યું છે કે આરબીઆઇ સરકારમાંથી વિશ્વાસ ગુમાવી રહી છે.ઓલ ઇન્ડીયા રિઝર્વ બેન્ક કર્મચારી યુનીયને જણાવ્યુ હતું કે બેન્કોને નબળી પાડવાનો પ્રયાસ થઇ રહ્યોછે જે કોઇપણ રીતે સાંખી લેવાશે નહીં. આ શું સુચવે છે.?

## મંતવ્ય

સુપ્રીમ કોર્ટે રામ જન્મભુમિ વિવાદમાં જાન્યુઆરીમાં સુનાવણી રાખવાની મુદત આપીને દેશમાં થનારી વિધાનસભાની ચુંટણીઓમાં મંદિરના મુદ્દાને મહત્વ નહી મળે તેવું હાલ પુરતુ નક્કી કર્યુ.રામ જન્મભુમિ ના કેસમાં મુળ વિવાદ જમીનને લગતો છે.તેથી સીવીલ કેસની સુનાવણી એટલી ઝડપથી ચલાવવાની કોઇ જરુર નથી.આવા સુપ્રીમ કોર્ટના અભિગમને લઇને લોકસભાની ચુંટણીઓ પણ એકદમ સામાન્ય સંજોગોમાં અને ન્યાયી તથા નિષ્પક્ષ યોજી શકાશે.સુપ્રીમ કોર્ટે કોઇની પણ શેહ શરમમાં આવ્યા વગર પોતાનો મત જાહેર કર્યો છે.ભાજપ,સાધુ સંતો,વિહપ,સંઘ વિગેરેને આ બાબત ગમી નથી તેથી તેઓ સરકાર પર વટહુકમ બહાર પાડવા દબાણ વધારી રહ્યા છે.હવે શું થાય છે તે જોવાનું રહેશે

સુરેશ એસ.ત્યાગી

વ્હાઇટ હાઉસમાં ૧૩૨ રૂમ આવેલા છે.જેમાં અમેરીકાના પ્રમુખ રહે છે. વ્હાઇટ હાઉસનો ઓરીજીનલ રંગ ગ્રે હતો. પરંતુ ૧૮૧૨માં યુધ્ધ બાદ તેને ફરીથી રંગવામાં આવ્યો અને સમારકામ કરવામાં આવ્યું.

મધમાખીની રાણી એક દિવસમાં ૧૫૦૦ ઇંડા મુકે છે.



## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# સુપ્રીમ કોર્ટે દિપાવલી અને અન્ય તહેવારોના અવસરે અમુક કલાક જ ફટાકડા ફોડવા માટેનો આદેશ જારી કર્યો



સુપ્રીમ કોર્ટે દિપાવલી અને અન્ય તહેવારોના અવસરે અમુક કલાક જ ફટાકડા ફોડવા માટેનો આદેશ જારી કર્યો છે.જો કે પર્યાવરણની સુરક્ષા માટે આ એક મહત્વપુર્ણ અને લોકો માટે રાહતરુપ ચુકાદો છે.દેશભરમાં ગ્રીન દિવાળીના અભિગમને પ્રોત્સાહન આપવા માટે સુપ્રીમો રાત્રિના આઠથી દસ વાગ્યા સુધી જ ફટાકડા ફોડવાની છુટ આપી છે.આ ઉપરાંત ધુમાડા અને ધ્વનિની મંજુરીપાત્ર મર્યાદાનું ઉત્પાદન અને વેચાણને પણ મંજુરી મળી ગઇ છે.

વાયુ પ્રદુષણ પર નિયંત્રણના હેતુથી દેશમાં ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ માટે કરવામાં આવેલી અરજી પર આ આદેશ આપવામાં આવ્યા છે.કોર્ટે કેન્દ્રને કહ્યુ છે કે તે દિવાળી અને તહેવારોના અવસરે દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની વિસ્તારમાં સામુદાયિક રીતે ફટાકડા ફોડવાના અભિગમને પ્રોત્સાહન આપે.આ મામલે આકરુ વલણ દર્શાવતાં કોર્ટે કહ્યુ હતું કે જો પ્રતિબંધિત ફટાકડા ફોડવામાં આવે તો તેવી સ્થિતિમાં વિસ્તારના પોલીસ સ્ટેશનોના પોલીસ અધીકારીઓ જવાબદાર હશે.

ઉલ્લેખનીય છે કે અગાઉ સુપ્રીમ કહ્યુ હતું કે દારુખાનાના વેચાણ પર પ્રતિબંધના કિસ્સામાં તેને બનાવનારાની આજીવિકાના મુળભુત અધિકારો અને દેશની ૧૨૫ કરોડથી વધુ લોકોના આરોગ્યના અધિકારો સહિત વિવિધ પાસાઓને ધ્યાનમાં લેવાનું રહેશે. જસ્ટીસ એ.કે.શીકરી અને જસ્ટીસ અશોક ભુષણની બેન્ચે મંજુરીપાત્ર મર્યાદાથી વધુ પ્રદુષણ ઓકતા ફટાકડાના વેચાણ કરવાથી ફ્લિટકાર્ડ અને એમેઝોન જેવી ઇ-કોમર્સ વેબસાઇટ પર નિયંત્રણ મુક્યા છે.

કોર્ટે કહ્યુ હતું કે પેટ્રોલિયમ અને એક્સપ્લોઝિવ સેફટી ઓર્ગેનાઇઝેશન દ્વારા ધ્વનિ અને ધુમાડાની મંજુરીપાત્ર મર્યાદાને લીલી ઝંડી અપાશે.બેન્ચે ઉમેર્યું હતું કે ઇ-કોમર્સ વેબસાઇટ જો કોર્ટના નિર્દેશોનું પાલન નહી કરે તો તેમની સામે કોર્ટના અનાદર બદલ પગલાં ભરાશે.ડેસિબલ ધ્વનિની મંજુરીપાત્ર ડેસીબલની મર્યાદા સાથેના ફટાકડાને માર્કેટમાં વેચવાની મંજુરી અપાશે.કોર્ટે કહ્યુ હતું કે બંધારણની કલમ ૨૧માં આપવામાં આવેલા જીવનના અધિકાર તમામ પક્ષકારો પર સમાનરીતે લાગુ પડે છે. અને ફટાકડા પર દેશવ્યાપી પ્રતિબંધ મુકવાના અનુરોધ પર વિચાર કરતી વેળાએ તેમાં સમતુલા જાળવવાની જરુર છે.

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ ગત વર્ષે નવ ઓકટો. દિવાળી અગાઉ ફટાકડાના વેચાણ પર અસ્થાયી પ્રતિબંધ મુકી દીધો હતો.પરંતુ કોર્ટે વેપારીઓની અરજી નકારીને ૧૯ ઓક્ટો.૨૦૧૭ના પોતાના આદેશમાં કોઇપણ પ્રકારની રાહત આપવાનો ઇન્કાર કર્યો હતો. સુપ્રીમે લોકો પર ફટાકડાની અસર અને પ્રદુષણને અંકુશમાં રાખવાના પગલાં વિશે જણાવવાની સુચના આપી હતી.ફટાકડાના ઉપયોગ પર સંપુર્ણ પ્રતિબંધ ન મુકવો જોઇએ અને તેના બદલે તેના પર નિયંત્રણ લાવવું જોઇએ. તેમની દલીલ હતી કે ફટાકડા વાયુ પ્રદુષણમાં વધારા માટેનું કારણ નથી.તે માટે પવન અને તાપમાન જેવા અન્ય પરિબળો પણ જવાબદાર છે.જો કે ફટાકડા ફોડવા માટે સમય મર્યાદાનું પાલન નહી કરનારને માટે સજાપાત્ર વ્યવસ્થા હોવી જોઇએ તો નિયંત્રણ થશે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



## શબરીમાલામાં શાંતિ હડોળવાનું ષડયંત્ર સંઘનું છે :કેરળના મુખ્યમંત્રી પીનરાઇ વિજયન

કેરળના મુખ્યમંત્રી પીનરાઈ વિજયને શબરીમાલામાં હિંસક પ્રદર્શનને લઈને ભાજપ અને આરએસએસ પર પ્રહારો કર્યા હતા.શબરીમાલા મંદિરમો ભગવાન અપ્પયાના દર્શન માટે તમામ ઉંમરની મહિલાઓને મંદિરમાં પ્રવેશવાની અનુમતિ સુપ્રીમ કોર્ટે આપી હતી અને તેના સંદર્ભે રાજ્યમાં હિંસક પ્રદર્શન થઈ રહ્યા છે.મુખ્યમંત્રી વિજયને મીડીયા સાથેની વાતચીતમાં કહ્યુ હતું કે અહીંયા તનાવપુર્ણ માહોલ બનાવવા માટે સુનિયોજિત અને જાણીજોઈને રચાયેલા ષડયંત્રના ભાગરુપે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા છે.તેમણે આરોપ લગાવ્યો છે કે ૧૦-૫૦વર્ષની મહિલાઓને આ મંદિરમાં પુજા કરવાથી અટકાવવા અને આ ઐતિહાસિક ઘટનાક્રમનું કવરેજ કરવા આવેલા પત્રકારો પર હુમલા કરવાનું ષડયંત્ર આરએસએસ દ્વારા રચાયું હતું.મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટના તમામ ઉંમરની મહિલાઓને મંદિરમાં પ્રવેશની પરવાનગી આપવાના ચુકાદાને લાગુ કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે અને મંદિર પરિસરને યુધ્ધ ક્ષેત્રમાં તબદીલ કરવાની કોઈ પણ કોશિશને મંજુરી આપશે નહીં.------

## ભારતની લોકસભાની ચુંટણી પાકિસ્તાન માટે મહત્વનો મુદ્દો છે :૨૦૧૯ પછી ભારત સાથે દોસ્તીનો હાથ લંબાવવા પાક.વડાપ્રધાન ઇમરાનખાન નું નિવેદન

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાનખાને ભારત સાથેના સબંધોને લઈને સાઉદી અરેબીયામાં કહ્યુ હતું કે ભારતમાં લોકસભાની ચુંટણી ૨૦૧૯માં છે. ત્યારબાદ જ ભારત તરફ દોસ્તીનો હાથ લબાવીશું.ઈમરાનખાનનું કહેવું છે કે નવી દિલ્હીએ એટલા માટે દ્વિપક્ષીય વાતચીત પ્રસ્તાવને નકારી દીધો કારણકે પાડોશી દેશની ચુંટણીમાં પાકિસ્તાન એક મહત્વનો મુદો છે.સાઉદી અરબની રાજધાની રિયાધમાં ફયુચર ઈન્વેસ્ટમેન્ટ ઈનિશિયેટીવ ફોરમને સંબોધિત કરતાં ઈમરાને કહ્યુ હતું કે પાકિસ્તાન પોતાના તમામ પાડોશી દેશો અને ખાસ કરીને ભારત અને અફઘાનિસ્તાન સાથે શાંતિ ઈચ્છે છે.રેડીયો પાકિસ્તાનને ઈમરાનના હવાલાથી કહ્યુ કે ભારત સાથે શાંતિથી બંને દેશોએ શસ્ત્ર સ્પર્ધામાં વ્યસ્ત થવાને બદલે પોતાના સંસાધનોનો ઉપયોગ માનવ વિકાસ માટે કરવામાં મદદ મળશે.ઈમરાને વધુમાં કહ્યુ હતું કે આ રીતે અફઘાનિસ્તાન સાથે શાંતિથી પાકિસ્તાન દ્વિપક્ષીય આર્થિક તથા વ્યાપારિક ગતિવિધિઓ માટે મધ્ય એશિયાના દેશો સુધી પહોચવામાં સરળતા રહેશે.

આ દરમિયાન તેમણે એમ પણ કહ્યુ હતું કે ભારત તરફથી દોસ્તીનો હાથ લંબાવ્યો હતો પરંતુ ભારતે તેને નકારી દીધો હતો. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનના વડાપ્રધાને ઓગષ્ટમાં સત્તા સંભાળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સુઝાવ આપ્યો હતો કે સપ્ટે.માં સંયુક્ત રાષ્ટ્રની સમાંતરે વિદેશમંત્રીઓની બેઠક યોજવામાં આવે. ભારતે આ પ્રસ્તાવ ઠુકરાવ્યો હતો.

### જાણવા જેવું !

ચરકને વિશ્વના સૌથી મહાન વૈદ્ય માનવામાં આવે છે.તેમના દ્વારા લિખિત ગ્રંથ ચરકસંહિતાને વિશ્વના બહોળા દેશોમાં અનુસરવામાં આવે છે.આધુનિક ચિકિત્સાશાસ્ત્રના પાયા આયુર્વેદમાં રહેલા છે


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


## દિલ્હીમાં વધતાં જતાં પ્રદુષણનો સામનો કરવા માટે સરકારે ૧૫ વર્ષ જુની પેટ્રોલ અને ૧૦ વર્ષ જુની ડીઝલ ગાડીઓ પર પ્રતિબંધ લગાડ્યો

દેશની રાજધાની દિલ્હીમાં પ્રદુષણની ગંભીર સમસ્યા વકરતાં સુપ્રીમ કોર્ટને દરમિયાનગીરી કરવાની ફરજ પડી છે.સુપ્રીમ કોર્ટે સખત વલણ અપનાવીને ૧૫ વર્ષ જુના પેટ્રોલ અને ૧૦ વર્ષ જુના ડીઝલથી ચાલતાં વાહનો પર પ્રતિબંધ મુક્યો છે. આ સાથે કોર્ટે પરિવહન વિભાગને આવા વાહનો રોડ પર ચાલતાં નજરે પડે તો તે જપ્ત કરવાનો આદેશ આપ્યો છે.ઉપરાંત કોર્ટે આવા વાહનોની સંપુર્ણ યાદી વેબસાઈટ મુકવાની તાકીદ કરી છે.

કોર્ટે એમ પણ ક્હયુ હતું કે સરકાર ખુદ ગંભીરતાપુર્ણ રીતે કાર્યવાહી કરતી નથી. એટલા માટે સેન્ટ્રલ પોલ્યુશન કંન્ટ્રોલ બોર્ડે સોશ્યલ મીડીયા પર એકાઉન્ટ બનાવવું જોઈએ. જેથી લોકો પ્રદુષણ સંલગ્ન ફરિયાદ કરી શકે. આ જ મામલામાં એમિક્સ ક્યુરી અપરાજીતાસિંહે કોર્ટે જાણકારી આપી હતી કે એનજીટી એ ૨૦૧૫માં એ આદેશ આપ્યો હતો પરંતુ હજુ સુધી એ આદેશનું અમલીકરણ થઈ શક્યું નથી.જસ્ટીસ મદન બી લોકુરની અધ્યક્ષતાવાળી બેન્ચે ટીપ્પણી કરી કે એનસીઆરની હાલત રોજબરોજ ખરાબ થતી જાય છે.અમે રોજ મીડીયામાં જોઈએ છીએ કે હવા ખરાબ થતીજાય છે જેના કારણે સવારે કસરત કરવા જવાનું પણ નુકશાનકારક સાબિત થઈ રહ્યું ચે.

દિલ્હી એનસીઆરના વાતાવરણમાં હવા વધુ ઝેરી બની હતી.હવામાં પ્રદુષણનુ પ્રમાણ એટલુ વધ્યું હતું કે શ્વાસ લેવાનું મુશ્કેલ બની રહ્યું છે. દિલ્હીનો એર ક્વોલીટી ઈન્ડેક્સ ખુબ ખરાબની શ્રેણીમાં રહ્યો હતો.

## અમેરિકામાં ગેરકાયદે વસાહતીના બાળકને નાગરિકત્વ ન આપવા માટે ટ્રમ્પ શાશનની વિચારણા

અમેરિકામાં નાગરીકોની વધતી જનસંખ્યા પર અંકુશ લગાવવા માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વધુ એક મોટું અને વિવાદાસ્પદ કદમ ઉઠાવવા જઈ રહ્યા છે.વાસ્તવમાં તેમણે અમેરિકાની ધરતી પર જન્મેલા ગેરકાયદે પ્રવાસીઓ અને નાગરિકતા નતી ધરાવતા એવા લોકોના બાળકો માટે અમલી નાગરિકતાના અધિકારને ખતમ કરવાની તૈયારી શરુ કરી છે.હાલના કાયદા અનુસાર અમેરિકામાં જન્મેલું કોઈપણ બાળક પછી ભલે તેના માતાપિતા દેશના નાગરિક ન હોય ,તેઓ ગેરકાયદે પ્રવાસોના સંતાન હોય તો પણ આપોઆપ અમેરિકન નાગરિકતા મેળવવાના હકદાર બની જાય છે.

## ગ્રીન ફટાકડાનો નિયમ ફક્ત દિલ્હી માટે સમગ્ર દેશમાં લાગુ નહી પડે : સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે ફટાકડા બાબતે આપેલા ચુકાદામાં બદલાવ કરાતં દક્ષિણ ભારતના તામિલનાડુ અને પોડીચરીમાં ફટાકડા ફોડવાના સમયમાં બદલાવની પરવાનગી આપી છે. અગાઉ કોર્ટે ફટાકડા ફોડવા માટે રાતના ૮ થી ૧૦ સુધી બે કલાકનો નિર્ધારિત સમય કર્યો હતો. પરંતુ તામિલનાડુ અને પાંડેચરી સરકારોએએ કરેલી વિશેષ વિનંતીને ધ્યાનમાં લઈ સુપ્રીમે ફેરફાર કર્યો ચે. પરંતુ ગ્રીન કેકર્સ ફોડવાના આદેસ સમગ્ર દેશને લાગુ પડશે નહીં.પરંતુ ફટાકડા ફોડવાના બે કલાકનો સમયનું ઉલ્લંઘન કરી શકાશે નહી..


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


## ૨૦૧૯ની લોકસભાની ચુંટણી માં વિપક્ષોને એક કરવા પ્રયાસ કરીશે અને મહાગઠબંધનની શક્યતા નહીવત બનશે : શરદ પવાર

મુંબઈ ખાતે યોજાયેલા એક ખાસ કાર્યક્રમ મંથનમાં એનસીપીના અધ્યક્ષ શરદ પવારે ૨૦૧૯ની લોકસભાની ચુંટણી અગાઉ મહાગઠન બંધનની શક્યતાને નકારી કાઢી હતી.જો કે તેમણે આ સાથે કહ્યુ હતું કે તેઓ ૨૦૧૯માં ભાજપને પરાજિત કરવા માંગે છે.અને તે માટે તેઓ વિપક્ષને એક કરવા માટે ચોક્કસ કામ કરશે.શરદ પવારે કહ્યુ હતું કે અમે મહાગઠબેધનની વાત કરી નથી અને દરેક રાજ્યમાં ગઠબંધનની સ્થિતિ અલગ છે.તેમણે કહ્યુ કે તેઓ ભાજપના વિરોધમાં ઉભેલા તમામ પક્ષોને એક મંચ પર લાવવાની કોશીશ કરશે. જો કે આ દરમિયાન તેઓ નેતૃત્વ કરશે એટલે કે વડાપ્રધાન બનાવાનો અવસર પ્રાત્પ કરશે કે કેમ એવા સવાલનો જવાબ સિફતપુર્વક ટાળ્યો હતો અને કહ્યુ હતું કે ૨૦૦૪માં કોણે વિચાર્યું હતું કે ડો.મનમોહનસિંહ વડાપ્રધાન બનશે.

શરદ પવારે કહ્યુ હતું કે ૨૦૧૯ની લોકસભાની ચુંટણીમાં જો મોદી સરકાર પરાજિત થશે તો વિપક્ષોમાં સૌથી વધુ સીટો મેળવનાર કોઈપણ પાર્ટી વડાપ્રધાન પદ માટે દાવો કરી શકે છે.તેમણે કહ્યુ હતું કે મને આ માટે મહાગઠબંધનની કોઈ શક્યતા જણાતી નથી.

જો હાલમાં બસપા અને સપા પોતાના અલગ અલગ મંતવ્ય ધરાવે છે અને તેઓ હાલમાં કોઈ મહાગઠબંધનની શક્યતાઓ બાબતે વિચારતા નથી. એજ પ્રમાણે મમતા બેનરજી વિપક્ષોની એકતા માટે વિચારશીલ છે.પરંતુ તેઓને કેટલાક વિપક્ષી નેતાઓ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રોજેકટ કરી રહ્યા છે પરંતુ તે શક્ય નથી.ચુંટણીઓમાં સૌથી વધુ સીટ મેળવનાર પાર્ટી જ વડાપ્રધાન પદના દાવેદાર બની શકશે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ
એ. એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# બાળપણનું એક ભીનું સંસ્મરણ

અમે ચુન્નુ મુન્નુ હતા એ વખતની એક વાત. વરસાદની ધમાકેદાર એન્ટ્રી ન હતી પણ વરસાદની હજી પાપા પગલી હતી. વડીલો અને જૈફ વયના લોકો અનેક કહેતા '' એ બચ્ચા ધ્યાન રાખજો વરસાદમાં માંદા પડશો, દવાખાનાના આંટા ફેરા કરવા પડશે '' અમને વરસાદમાં બિમાર પડીશું તેની ફડક ન હોતી, અમને સામે આવતી અને રસ્તા પર આરામથી ચાલી આવતી ભેંસની પુંછડીની ફડક હત. સામે રસ્તો રોકીને આવતી ભેસને જોઇને અમે એક બીજાને સમાચાર વહેતા કરતાં કે સામે ભેસ આવે છે ,ભેસથી નહીં, ભેસની પુછડીથી સાવધાન બનજો. ભેસની પુછડીનો વીંઝણો જમણી અને ડાબી બંન્ને બાજુ મારો ચલાવતી હોય તે જોઇને સામેથી આવતા મોટરસાયકલવાળા ભાઇઓ પણ વિચારમાં ડુબી જતાં કે મોટર સાયકલ કઇ બાજુથી કાઢવી.વળી ભેસ રસ્તાની વચ્ચોવચ ચાલે અને ક્યારેક જમણી કે ડાબી બાજુ ચાલે,ઘણા ખરા મોટરસાયકલવાળા ભાઇઓ પુંછડીનો શિકાર બન્યા હતા. અને તેમાં મોટરસાયકલ પર જતા હોય અને સફેદ રંગનું બગલાની પાંખ જેવું પહેર્યું હોય તો વધારે ફડક રહેતી.

વરસાદ ઝરમર વરસે કે પછી ધોધમાર વરસે, અમે ઢોર ચારવા વનમાં જતા, સાર્વત્રિક વરસાદમાં સાગી વૃક્ષોના પાંદડા જ અમારી છત્રી હતી. વરસાદની દે ધના ધન હોય તે છતાંય તે સમયે ભેંસ ખાસ ચરે નહીં આરામથી ઊભી હોય, તે મોકો જોઇને અમારા કરતાં મોટાં છોકરાઓ અમને ઉંચકીને ભેસ પર બેસાડી દેતા. તે છતાંય ભેસ કોઇ મોટી તોફાન કર્યા વિના આરામથી ઉભી રહેતી,અમને એવી અનુભુતિ થતી કે જાણે અમે મોટા મહાવત થઇ ગયા હોય .ક્યારેક કોઇ દિવસ મધ્યાહનનું ભાથુ હોય કે ના હોય અમને ભાથાની કોઇ પરવા નહોતી. પણ ઘરેથી બળજબરી ભાથુ પકડાવી દેતાં. પાણીની કોઇ પરવા નહોતી. જંગલના નાકા પાસે એક સ્વચ્છ અને વિમળ જેવી નદી વહેતી તેના જળ પીને અમે અમારી તરસ છીપાવતા. નદીનું પાણી એટલું સ્વચ્છ હતું કે નદીમાં પડેલા પથ્થરો પણ સ્પષ્ટપણે દેખાતા હતા. આજે પથરી



જેવો રોગ માનવીમાં જામી ગયો છે ત્યારે મારી બાળપણની નદી આપોઆપ યાદ આવી જાય છે.જંગલમાં કેવળ અમે ઢોર નહોતા ચારતાં,અમે બાળ રમતો પણ રમી છે.એક બાજુ ભેંસ,ગાય બળદ અને બકરીઓ ચરતી હોય અને બીજી બાજુ અમારી બાળ રમતો ખુબ જામતી હોય તે બધી રમતમાં સંતાકુકડીની રમત મોખરે હતી. એક વાર સંતાકુકડીની રમત બરાબર જામી હ તી. એક છોકરો બુમાબુમની ફેકટરી ચાલુ કરી. બુમના પડઘા આખા જંગલમાં પડવા લાગ્યા.તેની ભયંકર ચીસ સાંભળીને અમે ડરી ગયા. શું થયું હશે. તેવો પ્રશ્ન બધાના મનમાં જાગ્યો. બધા તેને ઉત્તર પુછવા માટે તેની તરફ દોડ્યા.પણ તે છોકરો કોઇના હાથમાં આવ્યો નહીં.છોકરાની દોડવાની ગતિ ખુબ તેજ હતી. આખા જંગલમાં તે દોડાદોડી કરવા લાગ્યો. અને પણ તેનો પીછો કરવા લાગ્યા આખરે તે છોકરો મહા મહેનતે હાથમાં આવ્યો. છોકરાને પુછ્યું એલા શું થયું છે ? તેને કયારનો ભાગંભાગ કરે છે. છોકરાએ ધીમા સાદે ગભરાતા હૃદયે જવાબ દીધો. મારા ખમીસમાં ગરોળી ભરાઇ છે.અમે ગરોળી કાઢી,મામલો શાંત પડી ગયો અને તે ગરોળીને અમે પ્રેમથી વિદાય આપી. અમે સૌ રમતમાં પરોવાઇ ગયા. આજે હું મારુ રુમમાં કોઇ ગરોળીને જોઉં છું ત્યારે પેલી બાળપણની ગરોળી યાદ આવી જાય છે.રુમમાં આવેલી ગરોળીને હું કહેતો હોઉ છું કે હે ગરોળી તારા કારણે અમે જંગલમાં કેવું ભાગંભાગ કરવું પડ્યું હતું.



અમારુ બાળપણ કાચા ઘરમાં વીત્યું, દિવાલો માટીની અને છત પર દેશી નળિયા હતા. એક વાર વર્ષાઋતુમાં વરસાદ ધોધમાર વરસતો હોય અને રાત્રીનો સમય હતો. વરસાદ ખુબ જોરથી આવ્યો તેથી નળિયામાં સમાયું નહી. ચુતા નળિયામાં થી પાણીનો ધધુડો નીચે પડવા લાગ્યો. સીધી ધધુડો અમે બે ભાઇઓ સુતા હતા તે ખાટલા પર પડતો હતો. મા સફાળી જાગી, પિતાને જગાડે અને પિતા દિવાના અજવાલે છતના નળિયા સરખાં કરે ત્યારે જ કોઢમાં બાંધી ભેસ ભાંભરે.પિતાને ખ્યાલ આવી જાય ભેસને કંઇક તકલીફ છે. પિતા કોઢમાં જાય અને ઘાસ નાંખે અને ઘરનું બધું કામ કરીને સુઇ જાય. મને યાદ છે અમારા ગામમાં બળદો કરતાં ભેસોની સંખ્યા બમણી હતી. એક દિવસે હડકાયું કુતરુ અમારા ગામમાં આવ્યું. એક ઝાપટે લગભગ દસેક જાનવરોને કરડી ગયું. તે જાનવરોમાં ભેસોની સંખ્યા વધારે હતી. કુતરુ એવુ ભયંકર હતુ કે બધા જાનવરો ભયંકર રીતે મૃત્યુ પામ્યા.તે જાનવરોમાં અમારી પણ ભેંસ હતી. જ્યારે જ્યારે હું વર્ગખંડમાં ગુજરાતી વ્યાકરણમાં ' વચન ''ભણાવું ત્યારે ત્યારે 'ઉ' સ્વરમાં આવતા શબ્દો કુતરું, વાંદરુ, લવારું,દેડકું આવતા હોય છે આ બધા શબ્દોમાં કુતરુ મને આજે પણ ભયંકર લાગે છે.

ભેસનું મહત્વ બાળપણ કરતાં ભર યુવાનીમાં વધારે લાગ્યું. ભેસના કારણે મોટી મોટી ડેરીઓની સ્થાપના થઇ છે. રસ્તાની બાજુમાં કોઇ ચાની લારી દેખાય તો જરુર ભેસનો આભાર માનજો કે આ લારી ભેસના કારણે પણ હોય શકે છે.વરસાદમાં રસ્તા પર ભેસનો મોટો પોદળો જોઇને મો ના ફેરવી લેશો, એ પોદળાને કારણે ખેતી ખુબ મજબુત બને છે. શાકભાજી બજારમાં શાકભાજી લેવા જઇએ છીએ તે પણ એક ભેસના કારણે જ.ભેસથી ઘણાના પરિવારજનોનું ગુજરાન ચાલતું હોય છે. આજે મને બાળપણમાં કહેવાતી એક કહેવત યાદ આવે છે. અમને વડીલો પ્રશ્ન પુછતા હતા કે અક્કલ બડી કે ભેંસ, અમે કહેતા કે અક્કલ. આજે એક વાત સમજવા જેવી છે ઘણા લોકો કહેતા હોય છે કે ભેસ પાસે બુધ્ધિ ના હોય, પણ ભેસ પાસે બુધ્ધિ હોય છે. ભેસ જંગલમાં ચરીને આવ્યા પછી નાના બચ્ચાને કેવી વહાલ કરી હોય છે ?નાના બચ્ચા માટે ભેસ પણ એક મા જ છે.

મથુર વસાવા -
ઉના (સોમનાથ-ગીર)

# અયોધ્યા કેસની અંતિમ સુનાવણી શરુ : કેસની સુનાવણી ધાર્મિક નહીં પરંતુ પુરાવાના આધારે થશે જે નવરચિત બેન્ચ કરશે

સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસ રંજન ગોગોઇના નેતૃત્વ હેઠળની ૩ જજોની બેન્ચ અયોધ્યામાં રામમંદિર-બાબરી મસ્જીદ જમીન વિવાદ કેસની સુનાવણી કરશે. તત્કાલીન ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વ હેઠળની ૩ જજની બેન્ચે એક મહત્વના ચુકાદામાં જણાવ્યુ હતું કે આ કેસ બંધારણીય બેન્ચને સોપાશે નહીં. તેનો અર્થ એ થયો કે અયોધ્યાની વિવાદાસ્પદ જમીન પર કોનો હક છે તે અંગેની સુનાવણી કોર્ટમાં શરુ થશે.આ અગાઉ ઇસ્લામમાં નમાઝ અદા કરવા માટે મસ્જીદ હોવી જરુરી છે કે કે નહીં તેનો મામલો બંધારણીય બેન્ચને સોપવામાં આવે કે નહી તેના પર અદાલતે વિચારણા કરી હતી.મુસ્લીમ પક્ષકારોએ દલીલ કરી હતી કે ૧૯૯૪માં ઇસ્માઇલ ફારુકી કેસમાં સુપ્રીમે પોતાના ચુકાદામાં જણાવ્યુ હતું કે મસ્જીદમાં નમાઝ અદા કરવી એ ઇસ્લામમાં બાધ્ય નથી. તેથી સુપ્રીમના આ ચુકાદાની બંધારણીય બેન્ચ દ્વારા પુનઃ સમીક્ષા કરવામાં આવે. ૨૭ સપ્ટે.સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદામાં જણાવ્યુ હતું કે આ મામલાને બંધારણીય બેન્ચને સોપાશે નહીં.હવે મુખ્ય વિવાદ જમીનનો છે જેની સુનાવણી થશે.૩ જજની ની બેન્ચે બહુમતી ચુકાદામાં જણાવ્યુ હતુ કે આ કેસનું ધાર્મિક આધારે નહીં પરંતુ પુરાવાના આધારે પરીક્ષણ કરાશે.રામલલા બીરાજમાન તરફથી કેસ લડી રહેલા વકીલે કહ્યુ હતું કે હવે સુનાવણીમાં રુપરેખા શુ રહેશે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૯૯૮૩૧૮૯૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨



## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



## ★ નીલા ફાઇનાન્સ ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.